# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31-08-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**-----------------------------------------------------------------**

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# VGGS 2027 CURTAIN RAISER EVENT DELHI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વાયબ્રન્ટ ગુજરાત સંમેલનને વૈશ્વિક રોકાણકારોના ગુજરાત પર ના વિશ્વાસનું પ્રતીક અને જ્ઞાનની આપ-લેનું માધ્યમ ગણાવ્યું. નવી દિલ્હીમાં ભારત મંડપમ્ ખાતે વાયબ્રન્ટ ગુજરાત વૈશ્વિક સંમેલન 2027ની પૂર્વભૂમિકા બાંધતા પ્રારંભિક કાર્યક્રમને સંબોધતા શ્રી પટેલે કહ્યું , ગુજરાતને સોફ્ટ પાવરમાં અગ્રેસર બનાવવાની દિશામાં કામ કરવામાં આવી રહ્યું છે. રાજ્ય સરકાર દ્વારા ઉભરતા ક્ષેત્ર અને હરિયાળા વિકાસ પર મુખ્ય ધ્યાન અપાઈ રહ્યું છે. 15મી ઑગસ્ટે લાલકિલ્લા પરથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કરેલા સપ્તધારાના આહ્વાનનો ઉલ્લેખ કરતા શ્રી પટેલે કહ્યું , સપ્તધારાની દરેક ધારામાં ગુજરાત પોતાની ભૂમિકા ભજવવા માટે તૈયાર છે. રાજ્ય સરકાર પ્રધાનમંત્રીના સપ્તધારાના સંકલ્પને વાયબ્રન્ટ ગુજરાત સંમેલનથી ગતિ આપશે તેમ પણ શ્રી પટેલે ઉમેર્યું.

**(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)**

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રોકાણકારોને તેમના સ્વપ્ન અને વિચારને લઈ ગુજરાતમાં આવવા નિમંત્રણ આપ્યું. ઉલ્લેખનીય છે કે , ગાંધીનગરમાં વિકસિત ગુજરાત વૈશ્વિક ભવિષ્યને આકારની વિષયવસ્તુ હેઠળ 10થી 12 જાન્યુઆરી 2027 સુધી વાયબ્રન્ટ ગુજરાત સંમેલન યોજાશે.

# GUTKHA AND PAN MASALA BAN

રાજ્યમાં તમાકું અને નિકોટિન ધરાવતા ગુટખાં અને પાનમસાલાના ઉત્પાદન, સંગ્રહ, વિતરણ અને વેપાર પર લગાવેલા પ્રતિબંધને આગામી એક વર્ષ સુધી લંબાવાયો છે , જેનો અમલ આગામી 13 સપ્ટેમ્બરથી શરૂ થશે. આ પ્રતિબંધ કોઈ પણ નામે ઓળખાતા તમાકું કે નિકોટિન-યુક્ત ગુટખાં અને પાન મસાલા પર લાગુ પડશે.

ઉપરાંત, અલગ-અલગ વેચાતા એવા ઘટકો કે , જેના મિશ્રણથી અંતિમ ઉત્પાદન તરીકે ગુટખાં કે પાન મસાલા તૈયાર થતા હોય, તેના પર પણ પ્રતિબંધ રહેશે. આ આદેશનો ભંગ કરનારાઓ સામે કાયદેસરની કડક કાર્યવાહી કરાશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

# SHRAVAN TRIJO SOMVAR

શ્રાવણ માસના ત્રીજા સોમવાર નિમિત્તે આજે સવારથી શિવમંદિરોમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું છે. ત્યારે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં શિવલિંગને ફૂલોનો વિશેષ શ્રૃંગાર પણ કરાયો. મંદિર પરિસરમાં ઢોલ, શરણાઈ અને ડમરુંના મંગળ ધ્વનિ સાથે 'હરહર મહાદેવ' અને 'જય સોમનાથ'ના નાદ વચ્ચે ભવ્ય પાલખી યાત્રા પણ યોજાઈ. અમદાવાદથી સોમનાથ મંદિરે દર્શન કરવાં ગયેલાં શ્રદ્ધાળુ રિદ્ધિ પટેલે આ અંગે પ્રતિક્રિયા આપી.

**(BYTE: RIDDHI PATEL, DEVOTEE)**

તો, બોટાદના સુપ્રસિદ્ધ સાળંગુપર શ્રી કષ્ટભંજન મંદિરના ગર્ભગૃહમાં હનુમાન દાદાને શિવજીના રૂપમાં રૂદ્રાક્ષની માળાઓ અને શીશ પર અર્ધચંદ્ર સાથે વિશેષ શણગાર કરાયો. ગર્ભગૃહને શિવલિંગ અને ત્રિપુંડના દ્રશ્યમાન આકાર તેમજ ત્રિશૂળની આકૃતિઓથી ભવ્ય સજાવવામાં આવ્યું.

મહેસાણાના વડનગરમાં શ્રાવણ ઉત્સવ અંતર્ગત ભવ્ય ડમરું યાત્રા યોજાઈ. 108 કલાકારોના ડમરુંના નાદ સાથે સમગ્ર ઐતિહાસિક નગરી ગૂંજી ઉઠી છે. આ યાત્રામાં સહભાગી થયેલા નાણામંત્રી કનુ દેસાઈએ પ્રતિક્રિયા આપી.

**(BYTE: KANU DESAI, FINANCE MINISTER)**

# JMR ROAD ACCIDENT

જામનગરમાં ત્રણ વાહન વચ્ચે  સર્જાયેલા અકસ્માતમાં સર્જાતા ત્રણ લોકોના મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ જગત રાવલ જણાવે છે, જામનગરથી ભોળેશ્વર જતા માર્ગ પર એક કારચાલકે કાબૂ ગુમાવતા માર્ગની બીજી તરફથી આવતી રિક્ષા અને મોટરસાઈકલ સાથે કાર અથડાતા ત્રણ લોકોએ જીવ ગુમાવ્યા. જ્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા સાત  જેટલા  લોકોને  હૉસ્પિટલ ખસેડાયા. જામનગરથી અંદાજે 30 કિલોમીટર દૂર આ અકસ્માત સર્જાયો હતો.  આ અંગે સ્થાનિક પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# MSN BUS SEVA START

મહેસાણામાં આવતીકાલથી યાત્રાધામ બહુચરાજીથી સુરતના ડિંડોલી સુધી એસ.ટી. વિભાગ દ્વારા સ્લિપર કોચ બસ શરૂ કરાશે. આ બસ બહુચરાજીથી રાત્રે સાડા સાત વાગ્યે અને ડિંડોલીથી રાત્રે પોણા નવ વાગ્યે ઉપડશે. વેપારીઓ અને યાત્રાળુઓને આરામદાયક મુસાફરીનો લાભ મળે તે માટે શરૂ થનારી આ બસ મહેસાણા, અમદાવાદ, વડોદરા અને ભરૂચના અંકલેશ્વરમાં રોકાશે.

# STATE WEATHER UPDATE

રાજ્યના કેટલાક જિલ્લામાં વરસાદી માહોલ તો કેટલીક જગ્યાએ વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. દરમિયાન બપોરે 12 વાગ્યા સુધીમાં 20 તાલુકામાં સામાન્ય વરસાદ થયાના અહેવાલ છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 75 ટકાથી વધુ વરસાદ નોંધાયો.

બીજી તરફ , હવામાન વિભાગે રાજ્યમાં આગામી સાત સપ્ટેમ્બર સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. જ્યારે માછીમારોને પણ આજે દરિયામાં જતા પહેલા સાવધાની રાખવાની સલાહ અપાઈ છે.